સંદેશ

Surat-Tapi 6 April, 2020

# ધરમપુરનું શ્રીમદ રાજચંદ્ર મિશન આફત સમયે જરૂરિયાતમંદોની વહારે આવ્યું

। વલસાડ, ધરમપુર ।



લોકડાઉનને કારણે લોકોની હાલત કફોડી બની છે. આવા કપરા સમયે ધરામપુરનું શ્રીમદ રાજચંદ્ર મિશન જરૂરિયાતમંદોની વહારે આવ્યું છે. મિશન દ્વારા જરૂરિયાતમંદોને પૌષ્ટિક આહારના ફૂડ પેકેટ્સનું વિતરણ કરવા ઉપરાંત છાશનું પણ મફત વિતરણ કરવામાં આવી રહ્યું છે. વહીવટી તંત્રની અપીલને લઈ ભાગવતાચાર્ય શરદભાઈ વ્યાસ દ્વારા રાહત ફંડમાં રૂ ૧.૦૨ લાખનું અનુદાન આપ્યું છે.

ધરમપુરના શ્રીમદ રાજચંદ્ર મિશનના પૂ. ગુરૂદેવ રાકેશજીના નેજા હેઠળ મિશનના કાર્યકરો દ્વારા જરૂરિયાતમંદ લોકો, ફરજ ઉપરના પોલીસ કર્મચારીઓ, હોમગાર્ડના જવાનો અને ટીઆરબીના જવાનો, ફરજ પરના તબીબો, પાલિકાના કર્મચારીઓ તથા અન્ય જરૂરિયાતમંદોને પૌષ્ટિક ભોજનના ફૂડ પેકેટસનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. મિશન દ્વારા અબોલ પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. મિશન દ્વારા તમામ લોકોને નિ:શુલ્ક છાશનું વિતરણ પણ કરવામાં આવે છે. વધુમાં ભાગવતાચાર્ય શરદભાઈ વ્યાસ અને તેમના પુત્ર ભાગવતાચાર્ય આશિષભાઈ વ્યાસ દ્વારા પ્રધાનમંત્રી કેર ફંડ અને મુખ્યમંત્રી રિલિફ ફંડમાં રૂા ૫૧,૦૦૦ મળી કુલ રૂા. ૧,૦૨,૦૦૦ના દાનનો ચેક જિલ્લા કલેક્ટર આર. ખરસાણને સુપ્રત કર્યો હતો.